ગુજરાતનાં શહેરોમાં એર સર્વિસ માટે ટેન્ડરીંગ પ્રક્રિયાનો પ્રારંભ

(વિશેષ પ્રતિનિધિ) ગાંધીનગર, તા. ૬

ગુજરાત સરકારે ઈન્ટ્રા-સ્ટેટ પેસેન્જર અને કાર્ગો એવિયેશન સર્વિસ શરૂ કરવાની ટેન્ડરીંગ પ્રક્રિયા હાથ ધરી છે. સરકારે રાજ્યમાં પાંચ સરકીટ અને ૧૧ એરસ્ટ્રીપ વિકસાવવાનું નક્કી કર્યું છે. પ્રથમ તબક્કે એકલેશ્વર, દ્વારકા, પાલીતાણા, એંબાજીનો સમાવેશ કરવામાં આવ્યો છે જેમાં ચાર કંપની લિસ્ટેડ થઈ છે.

તાજેતરમાં ડેક્કન એરવેઝથી જાણીતા બનેલા કેપ્ટન ગોપીનાથની કંપની ડેક્કન ચાર્ટર્સે ગુજરાતના શહેરો વચ્ચે હવાઈ સેવા શરૂ કરવાનું આયોજન કર્યું હતું પરંતુ ડાયરેક્ટર જનરલ ઓફ સિવિલ એવિયેશન તરફથી મંજૂરી મળી શકી નથી. હવે રાજ્ય સરકારે પોલિસી અને બિડીંગ પ્રોસેસ શરૂ કરી છે

ડિપાર્ટમેન્ટના સૂત્રોએ કહ્યું હતું કે રાજ્યમાં ૧૧ એરસ્ટ્રીપ ડેવલપમેન્ટની પ્રપોઝલ છે જેમાં એંબાજી, પાલીતાણા, એંકલેશ્વર, દ્વારકા, માંડવી, મોરબી, રાજકોટ, પરસોલી, રાજપીપળા, ધોલાવીરા અને દહેજનો સમાવેશ થાય છે.

આ તમામ રૂટ પ૦થી ૧૯૦ નોટીકલ માઈલના અંતરે છે. સરકારી આંકડા પ્રમાણે એર કાર્ગો ટ્રાફિક માં ૧૯ ટકાનો વધારો થયો છે. જેની સરખામણીએ શિપીંગમાં ૧૦ ટકા અને રેલ્વેમાં ૯ ટકા વધારો થયો છે. એરપોર્ટની પાસે પ્રાઈવેટ સેક્ટરને ટુરિસ્ટ પાર્ક, બિઝનેસ સેન્ટર, ડ્યુટી ફ્રી શોપીંગ કોમ્પ્લેક્સ જેવી સુવિધાઓ આપવાનું પ્લાનિંગ કરવામાં આવ્યું છે. એ ઉપરાંત એડવેન્ચર એવિયેશન, ફ્રેન્ચ-ગ્લાઈડીંગ, માઈકો લાઈટ એરક્રાફ્ટ અને પેરાશૂટીંગ જેવી એક્ટિવીટી પણ ઉભી કરાશે.

રાજ્યના ટુરિસ્ટ હબની મુલાકાત લઈ શકાય તે હેતુથી સરકારે મલ્ટીરોલ હેલીકોપ્ટર મારેટ પણ તૈયારી બતાવી છે. રાજ્યમાં અત્યારે ત્રણ હેલીપેડ ઓપરેશનલ મોડ ઉપર છે, ૪૦૦ નવા હેલીપેડ બની શકે તેવી જગ્યાઓ શોધી છે. કેન્દ્રના સિવિલ એવિયેશને રાજ્યના ૨૨૭ તાલુકામાં હેલીપેડ ઉભા કરવાની મંજૂરી આપી દીધી છે.

ગુજરાતમાં ૧૧ એર સ્ટ્રીપ વિકસાવાશે, પ્રવાસન હેતુથી એર સર્કિટ બનશે ૪૦૦ હેલીપેડ બને તેવી જગ્યા શોધી છે, કેન્દ્રએ ૨૨૭ને મંજૂરી આપી

એરપોર્ટની નજીકમાં ગોલ્ફ કોર્સ, એમ્યુઝમેન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે પ્રોત્સાહિત કરવાનું પણ સરકાર વિચારી રહી છે.

જેમાં ૯ થી ૧૯ બેઠકોના એરક્રાફ્ટ માટેની આ પ્રોસેસ છે. રાજ્યના સિવિલ એવિયેશન વિભાગે અભ્યાસ કર્યો છે જેમાં લાંબાગાળાની સુવિધાનો પણ અભ્યાસ કર્યો છે.

પ્રવાસન ક્ષેત્રના વિકાસ માટે રાજ્ય સરકારે ટુરિસ્ટ સરકીટ પણ વિચારી છે જેમાં અમદાવાદ-ચુરત-ભાવનગર, ભુજ-રાજકોટ-અમદાવાદ, અમદાવાદ-પોરબંદર-જામનગર, કંડલા-માંડવી-અમરેલી-અમદાવાદ અને અમદાવાદ-કેશોદ-દીવની સર્વિસ શરૂ થઈ શકે છે. જે ઓપરેટર રાજ્યના શહેરો માટે ઓછામાં ઓછી બે એરક્રાફ્ટની સર્વિસ આપી શકે તેના માટે વાયેબિલીટી ગેપ ફંડીંગની વ્યવસ્થા કરાશે.

આર.ટી.ઓ. કચેરીએ બે મહિનામાં ૧૧૬૯૬ લાયસન્સ ઈશ્યૂ કર્યા

૪૫૧૭ અરજદારોને લર્નિંગ અને ૭૧૭૯ પાકાં લાયસન્સ અપાયાં

ગાંધીનગર, તા. ૬

શહેરની આર.ટી.ઓ. કચેરી નમુનારૂપ બનાવાયા બાદ લાયસન્સ અને વાહન નોંધણીની કાર્યવાહી તેજ બની છે. છેલ્લા બે મહિના દરમિયાન આર.ટી.ઓ. કચેરી દ્વારા ૪૫૧૭ લર્નિંગ તેમજ ૭૧૭૯ પાકા લાયસન્સ ઈસ્યુ કરવામાં આવ્યા છે.

રાજ્યમાં આર.ટી.ઓ. કચેરીને અદ્યતન બનાવવાની કાર્યયોજના અન્વયે ગાંધીનગર સ્થિત કચેરીને મોડેલ આર.ટી.ઓ. કચેરીની ઓળખ મળી છે. અલબત્ત આર.ટી.ઓ. કચેરીને પેપરલેસ બનાવવા ઉપરાંત આંગણીના ટેરવે કામગીરી થાય તે પ્રકારની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જેમાં ઓનલાઈન એપોઈટમેન્ટ મારફતે અરજદારોનો સમય ન બગડે તે મુજબ આર.ટી.ઓ. સંબંધિત સેવા પુરી પાડવાના પ્રયત્નો હાથ ધરાયા છે. આધુનિક આર.ટી.ઓ. કચેરીમાં અરજદારોને લાયસન્સ ઈસ્યુ કરવાની કામગીરી પણ તેજ બની છે. છેલ્લા બે મહિના દરમિયાન આર.ટી.ઓ કચેરી દ્વારા ૧૧૬૯૬ લાયસન્સ ઈસ્યુ કરવામાં આવ્યા છે. જેમાં ગત મે મહિના દરમિયાન ૨૦૧૬ લર્નિંગ અને ૩૬૪૦ પાકા લાયસન્સ અપાયા છે. જ્યારે જૂન મહિનાના અંતે પણ ૨૫૦૧ લર્નિંગ તેમજ ૩૨૩૯ પાકા લાયસન્સ અરજદારોને ઈસ્યુ કરાયા છે.

ફાયર સેફટી સંદર્ભે નગરની સરકારી ઈમારતોની ચકાસણી થશે

સચિવાલય-વિધાનસભા બાદ હવે અન્ય ઈમારતોમાં પણ આગ-સલામતી અંગે સ્થિતિ ચકાસવામાં આવશે

ગાંધીનગર, તા. ૬

મહારાષ્ટ્ર મંત્રાલયમાં તાજેતરમાં લાગેલી વિનાશક આગની ઘટનાના પગલે ગાંધીનગરમાં સ્થિત સચિવાલય સંકુલ સહિત સરકારી કચેરીઓમાં ફાયરસેફ્ટી અંગેની સ્થિતિ ચકાસવા રેન્જ આઈ.જી. ની ઉપસ્થિતિમાં આજે એક ખાસ બેઠક મળી હતી.

થોડાદિવસો અગાઉ મહારાષ્ટ્ર મંત્રાલયમાં અચાનક ભભૂકેલી વિકરાળ આગના બનાવ બાદ રાજ્યના પાટનગરમાં પણ ફાયર સેફ્ટીના મામલે સરકારી બિલ્ડીંગોમાં શું સ્થિતિ છે તેનો તાગ મેળવવા તંત્ર હરકતમાં આવ્યું છે. જેના ભાગરૂપે બે દિવસ પૂર્વે ફાયરબ્રિગેડની ટીમે નવા સચિવાલય સંકુલમાં વિવિધ બ્લોકમાં ફાયર સેફ્ટીના સાધનોની ચકાસણી હાથ ધરી હતી. જો, કે યોગ્ય તપાસના અંતે આગ સલામતીના સાધનો યોગ્ય હોવાનું સ્પષ્ટ થતુ હતુ.જ્યારે આ મામલે આજે રેન્જ આઈ.જી. એ.કે. શર્મા, જિલ્લા પોલીસ વડા અર્ચના શિવહરે તેમજ ફાયર ઓફિસર મહેશ મોડની ઉપસ્થિતિમાં ગાંધીનગરમાં ફાયર સેફ્ટીના પરિબળો ચકાસવા સંદર્ભે એક બેઠક યોજવામાં આવી હતી. જેમાં સચિવાલય અને વિધાનસભા સંકુલમાં કેવા પ્રકારની ફાયર સેફ્ટી છે તે અંગે ચર્ચા હાથ ધરાઈ હતી. આ ઉપરાંત નગરની અન્ય ઉંચી સરકારી ઈમારતોમાં પણ હાલની સ્થિતિ ચકાસવા નિર્ણય કરાયો હતો. જ્યારે આ ઈમારતોની વિગતો મંગાવી આગામી દિવસોમાં યોગ્ય તપાસ હાથ ધરવા પણ નિર્ણય કરાયો હતો.

સિવિલ હોસ્પિટલના કેમ્પસમાં ઈન્ડીકા કાર અચાનક ભડકે બળી

લર્નિંગ કાર ૨૦ ફૂટ આગળ ઘસડાઈ : એન્જિન બળીને ખાખ

ગાંધીનગર, તા. ૬

સિવિલ હોસ્પિટલના કેમ્પસમાં પાર્ક થયેલી ઈન્ડીકા કારમાં આજે સાંજે અચાનક આગ લાગતા ઉંડાધામ મચી જવા પામી હતી. જો કે ફાયરબ્રિગેડે સમયસર ઘટનાસ્થળે પહોંચી આગને કાબુમાં લઈ લીધી હતી.

બનાવની પ્રાપ્ત માહિતી અનુસાર સે. ૨-બીમાં રહેતા કાદરભાઈ એ. શેખ આજે સાંજે પાંચ વાગ્યાના અરસામાં સિવિલ હોસ્પિટલ ખાતે તેમના સગા-સંબંધીની ખબર કાઢવા ગયા હતા. આ દરમિયાન તેમણે પોતાની ઈન્ડીકા કાર નં. જીજે-૧ બી.ટી.- કારને પાર્ક કરી હતી. આ દરમિયાન કારમાં અચાનક કોઈ કારણોસર આગ લાગતા કાર ૨૦ ફૂટ જેટલી આગળ વધી હતી. લર્નિંગ કારને જોઈ તાત્કાલિક આ અંગે ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી.

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગર બ્રહ્મસમાજ દ્વારા સેક્ટર-૧૬ બ્રહ્મભવન ખાતે નિર્મિત સોમનાથ મંદિરની મુલાકાતે શુક્રવારે સ્વામી સચ્ચિદાનંદજી પધાર્યા હતા અને સોમનાથ મહાદેવના દર્શન કર્યા હતા તથા બ્રહ્મબંધુઓ સાથે વાર્તાલાપ પણ કર્યો હતો.

જિલ્લા પંચાયતના કર્મચારીનું બસ સ્ટેન્ડ પર જ હૃદયરોગના હુમલામાં અવસાન

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં પોતાની ફરજ પર આવવા દહેગામથી નીકળેલા એક કર્મચારીને સવારે દહેગામ બસ-સ્ટેન્ડ પર જ હૃદયરોગનો હુમલો આવતાં તેનું અવસાન થયું છે. આ દુઃખદ ઘટનાની જાણ જિલ્લા પંચાયતમાં થતાં જ સમગ્ર સંકુલમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી હતી.

મળતી વિગતો પ્રમાણે જિલ્લા પંચાયતની આરોગ્ય શાખામાં સિનીયર ક્લાર્ક તરીકે ફરજો બજાવતા શ્રી એ.એસ. પાંડોર નામનો કર્મચારી રોજ દહેગામથી ગાંધીનગર અપડાઉન કરતા હતા.

આજે સવારે તે દહેગામ બસ સ્ટેન્ડ પર આવ્યો ત્યાં જ તેને છાતીમાં અસહ્ય દુઃખાવો ઉપડ્યો હતો. તાત્કાલિક સારવાર માટે તેને દહેગામ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમ્યાન તેનું અવસાન થયું હતું.

આરોગ્ય સત્તાવાળાઓને તાત્કાલિક ઘટનાની જાણ જિલ્લા કચેરીને કરતાં અધિકારીઓ અને કર્મચારીઓ તાત્કાલિક દહેગામ દોડી ગયા હતા અને તેના ઘરે જઈ પરિવારજનોને સાંત્વના આપી હતી.

આ સમાચાર પંચાયત સંકુલમાં પ્રસરતાં કર્મચારી આલમમાં ઘેરા શોકની લાગણી પ્રસરી ગઈ હતી.

રેલ સુવિધા માટે કૉર્પોરેશનને ઠરાવ કરવા મહામંડળની માંગ

મહેસાણા, પાટણ અને આબુરોડની ટ્રેઈન વાયા ગાંધીનગર દોડાવવા મહાનગરપાલિકાએ રજૂઆત કરી

ગાંધીનગર, તા.૬

દાયકાઓના અંતે પણ કેપીટલ સ્ટેશન પર પર્યાપ્ત ટ્રેઈન સુવિધા ઉપલબ્ધ ન થતા આમ નાગરિકોનો આકોશ ચરમસીમાએ પહોંચ્યો છે. આ તબક્કે કેપીટલ સ્ટેશનને સુવિધાયુક્ત બનાવવા ઉપરાંત નવી ટ્રેઈન ફાળવવા મહાનગરપાલિકાએ ઠરાવ કરી રેલ મંત્રાલયને રજૂઆત કરવા મહામંડળે માંગ કરી છે.

શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચના જણાવ્યા અનુસાર કેપીટલ સ્ટેશન પર જરૂરી સુવિધા ઉભી કરવા માટે મહામંડળ દ્વારા ૩હજારથી વધુપત્રોલખી સંબંધિત તંત્ર સમક્ષ રજૂઆત કરવામાં આવી છે. જેના પરીણામે કેપીટલ સ્ટેશન પર હાલમાં પાંચ ટ્રેઈનો ટ્રેક પર દોડી રહી છે.જ્યારે ગાંધીનગરમાં મહાનગરપાલિકા અસ્તિત્વમાં આવ્યા બાદ હવે આ મામલે નગરજનોને રેલ સુવિધા પુરી પાડવા કોર્પોરેશનના સત્તાધારી પક્ષ અને વિપક્ષે અવાજ ઉઠાવાની અનિવાર્યતા ઉભી થઈ છે. આ મામલે મહામંડળના મયુર વ્યાસ, સુધીર દેસાઈ, દીલીપ જાકદરા તેમજ લતાબેન ચોકસી સહીતના આગેવાનોએ મેયર મહેન્દ્રસિંહ રાણા તેમજ વિપક્ષના નેતા મનુભાઈ પટેલને રજૂઆત કરી છે. જેમાં બજેટમાં ફાળવવામાં આવેલી નવી ટ્રેઈનો પૈકી વાયા ગાંધીનગર કરવા પણ રજૂઆત માટે જણાવાયું છે. આ ઉપરાંત મહેસાણા, પાટણ અને આબુરોડની ટ્રેઈનોને વાયા ગાંધીનગર દોડાવવા પણ ઠરાવ મારફતે રજૂઆત કરવા જણાવાયું છે.

ગાંધીનગર નાગરીક કો.ઓપરેટીવ બેન્ક લિ. ગાંધીનગર

પ્લોટ નં. ૩૯૧, ઘ-૩૩, સેક્ટર-૧૬, ગાંધીનગર

બેંકનું ગૌરવ

શ્રી મનુભાઈ બી. પટેલ
મેનેજીંગ ડીરેક્ટર, ગાંધીનગર નાગરીક કો.ઓ. બેંક લિ.

તાજેતરમાં ગુજરાતની સહકારી બેન્કોનું ગુજરાત અર્બન કો.ઓ.બેન્કસ ફેડરેશન કે જેના બોર્ડ ઓફ ડિરેક્ટર્સશ્રીની ચૂંટણી આગામી વર્ષ-૨૦૧૨-૧૩, ૨૦૧૪-૧૫ના વર્ષ સુધીની યોજાયેલી હતી. જેમાં બેન્કના પ્રવર્તમાન મેનેજીંગ ડિરેક્ટરશ્રી મનુભાઈ બી. પટેલ બિનહરીફ ચૂંટાઈ આવેલ છે. જે સમગ્ર ગાંધીનગર જિલ્લાની સહકારી બેન્કો માટે ગૌરવ સમાન છે.

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ તેમજ કર્મચારી પરિવાર તથા અન્ય સહકારી આગેવાનો તેમોને હાર્દિક શુભેચ્છા પાઠવે છે તથા સહકારી બેન્કના વિકાસમાં તેમનો ઉચ્ચતમ ફાળો પ્રાપ્ત થાય તે માટે ઉત્તરોત્તર પ્રગતિ ઈચ્છીએ છીએ....

પ્રવિણકુમાર ડી. પટેલ — ચેરમેન
હરેશ બી. પંચાલ — જનરલ મેનેજર

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ

અશોકભાઈ આર. પટેલ, અશોકભાઈ એસ. પટેલ
ધનશ્યામભાઈ કે. પટેલ, સંકલ્પભાઈ સી. પટેલ
જ્યંતિભાઈ એન. પટેલ, જ્યંતિભાઈ એમ. પટેલ
નરેન્દ્રભાઈ એમ. શાહ, યોગેન્દ્રભાઈ એચ. પટેલ
લાલસિંહ કે. વાઘેલા, વિકમભાઈ કે. પટેલ
વિપુલભાઈ આર. પટેલ, હિમાંશુભાઈ વી. પટેલ

કર્મચારી પરિવાર

સિઝન પૂર્ણ થતાં કેરીના ભાવ વધ્યા

કેસર કેરી હવે ક્યાંક ક્યાંક જ દેખાય છે : પેટીનો ભાવ ૫૦૦ની ઉપર પહોંચ્યો : માલ ઓછો થતાં ભાવો ઉંચકાયા

ગાંધીનગર, તા. ૬

ઉનાળાની ઋતુમાં જ આવતી કેરીઓની સિઝન હવે પુર્ણ થવામાં છે. ખાસ કરીને કેસર કેરી બજારમાં હવે ક્યાંક ક્યાંક જ દેખાય છે. માલ ઓછો થતાં હવે તેના ભાવો પણ ખુબ વધ્યા છે. એક પેટીનો ભાવ ૫૦૦ રૂ. સુધી પહોંચી ગયો છે.

ફળોના રાજા કેરીને વિદાય કરવાનો સમય આવી ગયો છે. વરસાદની સિઝન શરૂ થતાં ઉનાળાનું અમૃતફળ કેરીની આવક ઓછી થઈ ગઈ છે. ઉનાળાની શરૂઆતમાં આવેલી બદામ કેરી તો છેલ્લા ઘણા દિવસોથી ક્યાંય દેખાઈ જ નથી. હવે કેસર કેરી આ અઠવાડિયે બજારોમાંથી દેખાની બંધ થઈ જશે. કેસર કેરીની સિઝન પૂર્ણ થઈ ગઈ છે. કેસર કેરી જ્યાંથી આવે છે તે તલાલા અને જૂનાગઢના કેરીના બગીચાઓમાં માલ સાવ ખલાસ થઈ ગયો છે. જે થોડીઘણી કેરીઓ દેખાઈ રહી છે તે વેપારીઓએ એકત્ર કરેલો સ્ટોક છે. આ સ્ટોક મર્યાદિત હોઈ વેપારીઓએ વધુ નફો વસુલવા કેરીના ભાવ વધારી દીધા છે. એક બોક્સ હવે ૫૦૦ રૂ. થી વધુના ભાવે વેચાઈ રહ્યું છે. આ વર્ષે કેરીને માઠુ કહાવે તેવું વાતાવરણ ન હોવાથી પાક ૩૦ થી ૪૦ ટકા જેટલો ઓછો ઉતર્યો હતો. એટલે ભાવ પહેલાથી જ વધુ હતા.

ઝિયારત



મર્હુમ સૈયદ શાહીદબાવા હસીન એહમદની ઝિયારત શનિવાર તારીખ : ૭-૭-૨૦૧૨ના રોજ સવારે ૯-૦૦ કલાકે રાખેલ છે.

બેસણું

તારીખ ૮-૭-૨૦૧૨ને રવિવારના રોજ સવારે ૯-૦૦ કલાકે રાખેલ છે.

: સ્થળ :
બાવા સાહેબની હવેલી, વીરભાઈ ગેટ, પાલનપુર

લી.
સૈયદ હસીન એહમદ બાવા પરિવાર

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ

CEAT BIRLA TYRES

તમામ વાહનોના ટાયરોનાં દામ-સ્ટ્રક્ચ ઉત્તમ ટાયર કંપનીનાં ભારતભરની ખાતરી

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

KISAN CEMENT, SENELAYE, H.FIXIT, TMT BARS - ISI, TATA, ashirvad C. PVC, UPVC

ઓલ્ડ. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૦૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોબવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૦૨૨૬૨૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જુનાદાવ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

જિલ્લામાં ૭૮ કાઉન્ટર્સ, બિલ્ડર્સ અને એન્જિનિયરનું સૌથી મોટું નેટવર્ક ધરાવતી ફર્મ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, પ્લોટ નં. ૧૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com